Wednesday
15.02.2023
*Volume :7 * Issue No.197
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# આ કાર ૩૧ માર્ચ સુધી જ જોવા મળશે, કંપની કરી રહી છે સ્ટોક ખાલી



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

જાન્યુઆરી ૨૦૨૩ના વેચાણના આંકડા રેનો ઈન્ડિયા માટે સારા ન હતા. કંપનીએ માસિક અને વાર્ષિક ધોરણે ભારે ઘટાડાનો સામનો કર્યો છે. જાન્યુઆરીમાં કંપનીએ માત્ર ૩,૦૦૮ વાહનોનું વેચાણ કર્યું હતું. જ્યારે જાન્યુઆરી ૨૦૨૨માં આ આંકડો ૮,૧૧૯ યુનિટ હતો અને ડિસેમ્બર ૨૦૨૨માં ૬,૧૨૬ યુનિટ હતો. એટલે કે, રેનોને માસિક ૫૦.૯૦% ની વૃદ્ધિ અને ૬૩.૦૦% નો વાર્ષિક ઘટાડો થયો. આ વેચાણમાં કંપની માટે રેનોલ્ટ ક્વિડ આંકડા સૌથી નિરાશાજનક હતા. ગયા મહિને રેનોલ્ટ ક્વિડના માત્ર ૫૯ યુનિટ વેચાયા હતા. જાન્યુઆરી ૨૦૨૨માં આ આંકડો ૨૩૪૪ યુનિટ હતો. એટલેકે, રેનોલ્ટ ક્વિડ ને વાર્ષિક ૩૮૭૨% નો ગ્રોથ મળ્યો. આ આંકડાને જોતા એવું લાગે છે કે લોકો ક્વિડથી દૂર થઈ ગયા છે. બીજીતરફ, રેનોલ્ટ ક્વિડ હરીફ અલ્ટો નંબર-૧ હતી. હકીકતમાં, ૧ એપ્રિલથી, કાર એન્જિન સંબંધિત નવા એડવાન્સ્ડ એમિશન નોર્મ્સ દેશભરમાં શરૂ થવા જઈ રહ્યા છે. તમામ કંપનીઓ માટે આ ધોરણોનું પાલન કરવુંજરૂરીછે. સરકારનું આ પગલું દેશમાં વધી રહેલા પ્રદૂષણને રોકવા માટે પણ છે. નવા ઉત્સર્જન ધોરણોને RDE એટલે કે રિયલ ડ્રાઈવિંગ એમિશન તરીકે પણ ઓળખવામાં આવે છે. રેનોલ્ટ ક્વિડ આ ધોરણ મુજબ અપડેટ કરવામાં આવશે નહીં. એટલે કંપની પોતાનો સ્ટોક ખાલી કરી રહી છે. એટલે કે, ૩૧ માર્ચ સુધી, ક્વિડ તેની બેગ અને બેડ તેની સાથે લઈ શકે છે. રેનોલ્ટ ક્વિડએ ગયા મહિને વાર્ષિક ધોરણે ૨,૨૮૫ યુનિટ ઓછા વેચ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૨માં તેના ૨૩૪૪ યુનિટ વેચાયા હતા. જ્યારે જાન્યુઆરી ૨૦૨૩માં માત્ર ૫૯ યુનિટ વેચાયા હતા. ક્વિડ માટે આ એક મોટો ઘટાડો છે. મારુતિ અલ્ટો અને ટાટા ટિયાગો કે જેઓ રેનોલ્ટ ક્વિડ ની હરીફ ગણાય છે તે હેચબેકની ટોપ-૫ યાદીમાં સામેલ છે. જો તમે રેનોલ્ટ ક્વિડના છેલ્લા ૬ મહિનાના વેચાણ રેકોર્ડ પર નજર નાખો, તો સપ્ટેમ્બર ૨૦૨૨ માં, તેના સૌથી વધુ ૨૦૦૧ યુનિટ્સ વેચાયા હતા. તેણે ઓગસ્ટથી ડિસેમ્બર દરમિયાન દર વખતે ૧૦૦૦ કરતાં વધુ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. આ ૫ મહિનામાં રેનોલ્ટ ક્વિડનું સરેરાશ વેચાણ ૧,૭૮૪ યુનિટ રહ્યું છે. જોકે, ગયા મહિને તેનું વેચાણ ધરખમ રીતે ઘટીને માત્ર ૫૯ યુનિટ થયું હતું. રેનો ક્વિડ ૦.૮-લિટર અને ૧-લિટર પેટ્રોલ એન્જિનમાં આવે છે. તે મેન્યુઅલ અને ઓટોમેટિક ટ્રાન્સમિશન વિકલ્પોમાં ખરીદી શકાય છે. કંપનીનો દાવો છે કે તે ૨૨.૨૫ કિમી પ્રતિ લીટરની માઈલેજ આપે છે. રેનોલ્ટ ક્વિડ નવા ડ્યુઅલ-ટોન ફ્લેક્સ વ્હીલ્સ સાથે બહુવિધ રંગ વિકલ્પોમાં આવે છે. તે Android Auto, Apple CarPlay, Jio પ્લેબેક અને વૉઈસ રેકગ્નિશન સાથે ફર્સ્ટ-ઈન-ક્લાસ ૮-ઈંચની ટચસ્ક્રીન MediaNAV ઈવોલ્યુશન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ પણ મેળવે છે. તેમાં રિવર્સ પાર્કિંગ કેમેરા, ડ્યુઅલ ફ્રન્ટ એરબેગ્સ, ABS અને EBD, સીટ બેલ્ટ રિમાઈન્ડર, ઓવરસ્પીડ એલર્ટ, રિવર્સ પાર્કિંગ સેન્સર અને પ્રી-ટેન્શનર જેવી સુવિધાઓ પણ મળે છે.

# દેશની પ્રથમ ઈલેક્ટ્રિક એસી ડબલ ડેકર બસ મુંબઈમાં દોડશે, જાણો બસની અનેક સુવિધાઓ




કમલમ્ ન્યુઝ,

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં રહેતા લોકોને બેસ્ટ તરફથી મોટી ભેટ મળી છે. BEST બસ મુંબઈના રસ્તાઓ પર દેશની પ્રથમ ઈલેક્ટ્રિક એસી ડબલ ડેકર બસ દોડાવવા જઈ રહી છે. અત્યાર સુધી તમે લંડન અને ન્યૂયોર્ક જેવા શહેરોની સડકો પર આવી બસો દોડતી જોતા હતા, પરંતુ હવે માત્ર ૪-૫ દિવસ પછી તમે મુંબઈના રસ્તાઓ પર આ બસો દોડતી જોશો. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બસમાં અનેક સુવિધાઓ આપવામાં આવી છે. મુસાફરો માટે બસની અંદર સીટ બેલ્ટ, સીસીટીવી, સ્પીકર તમામ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. જો બેઠક ક્ષમતાની વાત કરીએ તો બસમાં એક સમયે ૬૫ લોકો બેસીને મુસાફરી કરી શકે છે. જેમાં ૧૫ થી ૨૦ લોકો ઉભા રહીને મુસાફરી કરી શકશે. બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (BEST) દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આ બસ એકવાર ચાર્જ કર્યા પછી ૧૨૦ થી ૧૪૦ કિલોમીટર સુધી દોડી શકાય છે. તે ૮૦ થી ૯૦ મિનિટમાં સંપૂર્ણ ચાર્જ થઈ જશે. આ મહિનાના અંત સુધીમાં, ૫ ઈલેક્ટ્રિક એસી ડબલ ડેકર બસો મુંબઈમાં વિવિધ સ્થળોએ ચલાવવામાં આવશે. માર્ચના અંત સુધીમાં ૨૦ ઈલેક્ટ્રિક એસી ડબલ ડેકર બસો વિવિધ રૂટ પર દોડાવવામાં આવશે. સ્વિચ કંપનીને બેસ્ટ તરફથી કુલ ૨૦૦ બસો બનાવવાનો ઓર્ડર મળ્યો છે. બેસ્ટ પાસે હાલમાં ૩૬૦૦ બસો છે, જેનો આ વર્ષના અંત સુધીમાં ૭૦૦૦નો લક્ષ્યાંક છે. જેમાં બેસ્ટની મહિલા સ્પેશિયલ બસોની સંખ્યા વધીને ૫૦૦ થવા જઈ રહી છે, જે હાલમાં ૧૩૬ છે. પરિવહન ખાધને વધુ ઘટાડવા માટે, બેસ્ટે આગામી વર્ષ સુધીમાં તમામ બસોને ટેપ-ઈન-ટેપ-આઉટ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આનો અર્થ એ છે કે તમામ બસો કંડક્ટર વિનાની રહેશે. BEST પાસે હાલમાં ૨૦૦ ડિજિટલ એટલે કે ટૅપ ઈન-ટેપ આઉટ બસ છે.

# પુલવામા CRPF પર થયેલા આતંકી હુમલાના ૪ વર્ષ પુરા થયા



**પુલવામા CRPF પર થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલાં જાંબાઝોને નમન**

કમલમ્ ન્યુઝ,

એક તરફ વેલેન્ડાઈન ડે ની ઉજવણી થઈ રહી હતી ત્યારે બીજી તરફ આતંકીઓ દેશના જવાનો પર હુમલો કરવાની ઘાત લગાવીને બેઠાં હતાં. સવાર થઈ બધુ જ સામાન્ય હતું અને અચાનક માહોલ બદલાઈ ગયો. દેશના જાંબાઝ જવાનો જ્યારે પોતાનો કાફલો લઈને પસાર થઈ રહ્યાં હતાત્યારે વિસ્ફોટક ફરેલી કાર તેની સાથે ટકરાવીને આતંકીઓએ પોતાના નાપાક ઈરાદાઓને અંજામ આપ્યો હતો. પુલવામામાં થયેલાં આતંકી હુમલાની આજે ચોથી વરસી છે. ઉલ્લેખનીય છેકે, આજે પુલવામા જિલ્લામાં થયેલા આત્મઘાતી હુમલાની ચોથી વરસી છે. CRPFના લેથપોરા કેમ્પ સ્થિત શહીદ સ્મારક ખાતે ૪૦ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. CRPF જમ્મુ-કાશ્મીરના સ્પેશિયલ ડીજી દલજીત સિંહ ચૌધરી પણ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. રકતદાન શિબિરની સાથે વિશેષ શસ્ત્રોનું પ્રદર્શન પણ યોજાયું. લેથપોરા ખાતે ૪૦ CRPF જવાનોની યાદમાં એક સ્મારક સ્થળનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમણે ચાર વર્ષ પહેલાં થયેલા આતંકવાદી હુમલામાં પોતાનો જીવ આપ્યો હતો. સીઆરપીએફના ૧૮૫ બટાલિયન શિબિરમાં સ્મારકની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં જૈશ આતંકવાદી આદિલ અહમદ ડારે એક વિસ્ફોટકથી ભરેલી કારને સુરક્ષા દળોના કાફલા સાથે ટકરાવી હતી. તે તમામ ૪૦ જવાનોની તસવીરો સાથે તેમના નામ અને CRPFનું સૂત્ર 'સેવા અને વફાદારી' પણ સ્મારક પર અંકિત છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના બાલાકોટ ક્ષેત્રમાં એક આતંકવાદી કેમ્પ પર હુમલો કર્યો. સંરક્ષણ દળોના જણાવ્યા અનુસાર આ હુમલામાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હતા. જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાને પણ બીજા દિવસે હવાઈ હુમલો કર્યો, જે દરમિયાન MIG-21 ફાઈટર જેટના પાયલટ અભિનંદન વર્ધમાને પાકિસ્તાનના "AFના F-16ને તોડી પાડ્યું. આ પ્રયાસમાં વિંગ કમાન્ડર વર્ધમાન પાકિસ્તાની ક્ષેત્રમાં ઉતર્યા હતા અને તેમના વિમાનને ટક્કર માર્યા બાદ પાકિસ્તાની સેનાએ તેમને અંદર લઈ ગઈ હતી. માર્ચ ૧, ૨૦૧૯ની રાત્રે મુક્ત કરવામાં આવ્યા હતા અને બાદમાં ત્રીજા સર્વોચ્ચ વીરતા પુરસ્કાર, વીર ચક્રથી નવાજવામાં આવ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

પાટણના ૧૨૭૭ મા સ્થાપના દિને પાટણ જિલ્લા વહીવટી તંત્ર અને સાંસ્કૃતિક વિભાગના સંયુક્ત પ્રયાસથી આયોજિત "વિશ્વ વિરાસત રાણીની વાવ ઉત્સવ" પ્રસંગે ફુલગુલાબી ઠંડી વચ્ચે સંગીત, સાહિત્ય અને ઐતિહાસિક વાતો સાથેના મનમોહક કાર્યક્રમમાં માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહ્યા. પથ્થરમાં કલાત્મક કોતરણીવાળી મૂર્તિઓ અને સ્થાપત્યની આ રચનાઓ કાયમ મંત્રમુગ્ધ કરી દે છે. પ્રાચીન ભારતની ભવ્યતા તેના એક એક શિલ્પમાંથી છલકે છે. કલાકારશ્રી રાજભા ગઢવીના કંઠેથી રજૂ થયેલી કૃતિઓએ પણ આ સાંસ્કૃતિક વારસાના વૈભવમાં વધારો કર્યો. આ પ્રસંગે પાટણ જિલ્લા પ્રમુખશ્રી દશરજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાનુમતિબેન મકવાણા, ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સ્નેહાબેન પટેલ, મહિલા આયોગ પૂર્વ અધ્યક્ષા શ્રીમતી રાજુલબેન દેસાઈ તથા જિલ્લા વહીવટીતંત્ર અને સાંસ્કૃતિક વિભાગના અધિકારીઓ, કલેકટર શ્રી સુપ્રીતસિંગ ગુલાટી, એસ.પી શ્રી વિજયભાઈ પટેલ, ડીડીઓ શ્રી બી.જે.પ્રજાપતિ, આરએએસી શ્રી પ્રદીપસિંહ રાઠોડ જોડાયા હતા. નગરના કલારસિકોએ ભાવપૂર્વક કાર્યક્રમ માણ્યો.



કમલમ્ ન્યુઝ,

એરકન્ડીશનીંગ અને રેફ્રિજરેશન ઉપકરણોમાં લેવાતી કોપર ટ્યુબનાં ઉત્પાદનનો પ્લાન્ટ ભારતમાં અને ગુજરાતમાં પ્રથમવાર સ્થાપવા માટે આજરોજ મેટટ્યુબ કોપર ઈન્ડીયા પ્રા. લી. વતી કંપનીનાં ચેરમેનશ્રી અપૂર્વ બાગરી અને ગુજરાત સરકાર વચ્ચે માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મેમોરેન્ડમ ઓફ અન્ડર્સ્ટેંડીંગ(MOU) કરવામાં આવ્યા. સાણંદનાં જીઆઈડીસી વિસ્તારમાં શરૂ થનાર આ પ્લાન્ટનો પ્રથમ ફેઝ જાન્યુઆરી-૨૦૨૪માં શરૂ થાય તેવી સંભાવના છે. આ પ્રસંગે માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, રાજ્ય કક્ષાનાં ઉદ્યોગમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, શ્રી નરહરિ અમીન (સંસદસભ્ય, રાજ્યસભા), મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્રસચિવશ્રી કે. કૈલાસનાથન, ઉદ્યોગ કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં વસંતોત્સવ થી વેલેન્ટાઇન સુધી કાર્યક્રમ નું આયોજન



કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ(અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ),સુટેક્ષ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ,અમરોલી દ્વારા અ.ની.સ.યુવા સંસ્થા અને ઈન્ડિયા ન્યૂઝ ગુજરાત ના સહયોગ થી વસંતોત્સવ થી વેલેન્ટાઈન સુધી કાર્યક્રમ નું આયોજન તા. ૧૪-૦૨-૨૦૨૩ ના રોજ કરાયું હતું. આ કાર્યક્રમ માં કોલેજ ના વિન્ટર મ્ઝછ અને રેગ્યુલર મ્ઝછ ના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેમ ખરા અર્થ માં શું છે એ સમજાવાં માં આવ્યું. અ.ની.સ. યુવા સંસ્થાના ગીતા બેન શ્રોફ તેમજ એમની ટીમ અને જાણીતા વાર્તાકાર શ્રી. વૈભવભાઈ પરીખ ઉપસ્થિત રહીયા હતા. શ્રી. વૈભવભાઈ પરીખ દ્વારા યુવાનો ને પ્રેમ ની અલગ અલગ પરિભાષા ને વ્યક્ત કરતા ગીતો સાથે વિદ્યાર્થીઓ પાસે થી તેમના મત મુજબ ખરા અર્થ માં પ્રેમ શું છે એ જાણવા માં આવ્યું. પ્રેમ ફક્ત કોઈ એક વ્યક્તિ વિશેષ નહિ, પરંતુ પોતાના માતા પિતા, પોતાના દેશ પ્રત્યે, ધર્મ પ્રત્યે, તેમજ કર્મ પ્રત્યે ની લાગણી વ્યક્ત કરવા નો ભાવ જ ખરો પ્રેમ છે. તેમજ અ.ની.સ. યુવા સંસ્થા ના ગીતા બેન શ્રોફે જણાવિયું હતું કે દેશ, માતાપિતા, કર્મ કે ધર્મ પ્રત્યે તમારી ફરજ જો નિષ્ઠા પૂર્વક બજાવો તો એ લાગણી પણ પ્રેમ જ છે. અ.ની.સ. યુવા સંસ્થા અને ઈન્ડિયા ન્યૂઝ ગુજરાત ની ટીમ દ્વારા સરસ રીતે રજૂ કરવા માં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન પ્રિન્સિપાલ ડૉ. મુકેશ ગોયાણી દ્વારા કરાયું હતું. પ્રોગ્રામ નું સંચાલન બીસીએ કો-ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુક્લ , બીકોમ કો-ઓર્ડિનેટર ધરીત નાયક તેમજ પ્રા.ડૉ. વિરલ પોલીશવાળા અને તેમની અધ્યાપક મિત્રો ની ટીમ દ્વારા કરવા માં આવ્યું હતું.

# કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય ભૂકંપગ્રસ્ત તુર્કી અને સીરિયાને જીવનરક્ષક માનવતાવાદી તબીબી સહાય પૂરી પાડી

**કટોકટીની રાહત સામગ્રી જેમાં જીવનરક્ષક દવાઓ, રક્ષણાત્મક વસ્તુઓ અને રૂ. ૭ કરોડથી વધુ મૂલ્યના જટિલ સંભાળના સાધનોનો સમાવેશ થાય છે જેની વ્યવસ્થા કરી અને તરત જ તુર્કી અને સીરિયા મોકલવામાં આવ્યા**





## ભારત વસુધૈવ કુટુમ્બકમની વર્ષો જૂની પરંપરાની ભાવનાથી બંને દેશોને મદદ કરી રહ્યું છેઃ ડો મનસુખ માંડવિયા

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ભૂકંપ પ્રભાવિત સીરિયા અને તુર્કીને માનવતાવાદી તબીબી સહાય મોકલવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ આજે એક ટ્વીટમાં તુર્કી અને સીરિયાને કટોકટી રાહત સામગ્રી પ્રદાન કરવાના કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના પ્રયાસોને પ્રકાશિત કર્યા. તેમણે કહ્યું કે "ભારત વસુધૈવ કુટુમ્બકમની વર્ષો જૂની પરંપરાની ભાવનામાં બંને દેશોને મદદ કરી રહ્યું છે". ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ જ્યારે સીરિયા અને તુર્કીમાં બે શક્તિશાળી ભૂકંપ આવ્યા, ત્યારે ૧૨ કલાકની અંદર હિંડોન એરબેઝ પર ૩ ટ્રક લોડ રાહત સામગ્રી ગોઠવવામાં આવી હતી જેમાં જીવન સંરક્ષક કટોકટીની દવાઓ અને રક્ષણાત્મક વસ્તુઓનો સમાવેશ થાય છે. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી ટ્રકો પહોંચવાનું શરૂ કર્યું અને સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધીમાં ભારતીય વાયુસેના (IAF)ને રાહત સામગ્રી સોંપવાનું શરૂ થઈ ગયું. છેલ્લો ટ્રક લોડ ૦૯:૩૦ વાગ્યા સુધી પહોંચ્યો અને રાહત કામગીરી માટે તે જ દિવસે રાત્રે ૧૦:૦૦વાગ્યેફ્લાઈટ ઈમરજન્સી રાહત સામગ્રી સાથે સીરિયા જવા રવાના થઈ. કન્સાઈનમેન્ટમાં ૫,૯૪૫ ટન કટોકટી રાહત સામગ્રીનો સમાવેશ થાય છે જેમાં ૨૭ જીવન બચાવતી દવાઓ, બે પ્રકારની રક્ષણાત્મક વસ્તુઓ અને ત્રણ કેટેગરીના ક્રિટિકલ કેર ઈક્વિપમેન્ટ્સનો સમાવેશ થાય છે, જેની કિંમત આશરે રૂ. ૨ કરોડ છે. ૧૦મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ, તુર્કી અને સીરિયા બંને માટે મોટી સંખ્યામાં રાહત સામગ્રીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સીરિયા માટેના માલસામાનમાં ૭૨ ક્રિટિકલકેર દવાઓ, ઉપભોગ્ય વસ્તુઓ અને ૭.૩ ટન રક્ષણાત્મક વસ્તુઓનો સમાવેશ થાય છે, જેની કિંમત રૂ. ૧.૪ કરોડ છે. તુર્કી માટે મોકલવામાં આવેલી રાહત સામગ્રીમાં ૧૪ પ્રકારના મેડિકલ અને ક્રિટિકલ કેર ઈક્વિપમેન્ટનો સમાવેશ થાય છે, જેની કિંમત રૂ. ૪ કરોડ છે.

